વેટરનરી ગર્લ્સ હોસ્ટેલમાં તા.૨૫/૦૩/૨૦૧૫ ના રોજ સાંજે ૦૭:૦૦ કલાકે સુરક્ષા સેતુ માટે મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં ૧૮૧ અભયમ નામની યોજનાની શ્રી હેતલબેન, કાઉન્સીલર, સુરક્ષા સેતુ ધ્વારા માહિતી આપવામાં આવી. આ નંબરને કોઈ પણ મોબાઈલ નંબરથી ડાયલ કર્યા બાદ તરત જ પોલીસ અથવા સુરક્ષા સેતુ મહિલા કર્મીઓની સહાયતા વુમન ઈન ડીષ્ટ્રેસ (WID) ને પ્રાપ્ત થઈ શકે છે. આ બાબતે ઘણી બધી ઉપયોગી માહિતી વિધાર્થીનીઓએ મેળવી અને તે અંગે પ્રશ્નોત્તર પણ કર્યા. આ મીટીંગમાં શ્રીમતી રાઠોડ, આસી. સબ ઈન્સપેકટર, ડૉ.અંકિતા કિલ્લેદાર, રેકટર, શ્રીમતી તૃપ્તી સોલંકી, આસી. વાર્ડન તથા લગભગ ૮૦ જેટલી વિધાર્થીનીઓએ હાજરી આપી હતી તથા મીટીંગને સફળ બનાવી હતી.

